કાન્તિ ભટ્ટ

# ધન મેળવવા પુરુષાર્થ કરવો પડે

શુક્રાચાર્યએ ધનપ્રાપ્તિ અંગે સરસ શ્લોક કહ્યો છે. સંસ્કૃતને બદલે હિન્દીમાં જ કહું છું. 'સંસાર કે વ્યવહાર કે લિએ ધન હી સાર વસ્તુ હૈ. અંતઃ મનુષ્ય કો યુક્તિ એવં સાહસ કે સાથ ધનકી પ્રાપ્તિ કે લિએ પુરુષાર્થ કરના ચાહીયે.' વળી થોડુંક ધન મેળવીને તુષ્ટ થઈ જવાની વાત પણ વિદ્વાનોએ કહી નથી. કવિ માઘે કહેલું કે અમુક ધન મળ્યા પછી તેમાં તુષ્ટ થઈ જનારા ઉપર પછી લક્ષ્મી કૃપા કરવાનું છોડી દે છે! પંચતંત્રે તો આજના ઘણા સંયુકત કુટુંબના જુવાન લોકો પર પ્રહાર કર્યોછે કે માનવે પોતાનું જ કમાયેલ ધન ખાવું ઉત્તમ છે. પિતાનું કમાવેલું ધન મધ્યમ છે. ભાઈનું કમાવેલું ધન ખાવું અધમ છે અને સ્ત્રીનું કમાયેલું ખાવું તો અધમથી પણ અધમ છે... ભાગવત કથાના કથાકાર ભાઈશ્રી રમેશ ઓઝા કહે છે કે લક્ષ્મી કે ધન પ્રત્યે સૂગ રાખવાની જરૂર નથી. લક્ષ્મી માટે હરેક પ્રકારના માર્ગ અપનાવવા. તેમની વાત સાચી છે. ભગવાન જાણે માત્ર ભાવનાનો ભૂખ્યો નથી તે ધનનો પણ ભૂખ્યો હોવો જોઈએ. કોઈ પણ હિન્દુ, જૈન કે બૌદ્ધ મંદિરની 'દાનપેટી'માં ભગવાનને ધન ધરાય છે. મહાલક્ષ્મી જે લક્ષ્મીની દેવી છે તેને અને વેંકટેશ્વર તેમજ શ્રીનાથજીને ઢગલાબંધ ધન ધરાય છે. આજે હિન્દુ અને જૈનનાં મંદિરો અને દેવતા સૌથી ધનવાન છે. તો માનવે શું કામ ગરીબ રહેવું? 'ફોબ્સ'ના રિચ-લિસ્ટમાં અમેરિકનોએ શ્રીનાથજી અને વેંકટેશ્વરને સામેલ કરવા જોઈએ. કલેવીન ફિલિપ્સે સરસ પુસ્તક લખ્યું છે 'વેલ્થ એન્ડ ડેમોક્રસી' તેમાં બ્રુક્સ આડમ્સ અને બીજા વિદ્વાનોનાં લક્ષ્મી-ધન વિશેનાં મંતવ્યો છે. જેમ જેમ સમાજ આગળ વધે છે તેમ તેમ તેના દ્રષ્ટિકોણમાં ફેર આવે છે. માત્ર બુદ્ધિ જ નહીં કે સર્જનશીલતા જ નહીં પણ તેના વડે કમાયેલું ધન જ મહત્વનું છે. સમાજને વધુ ને વધુ ધન જોઈએ છે. રજવાડાના રાજ્યમાં ધનપતિ જ નગરશેઠ નિમાતો. પંચતંત્રમાં લખ્યું છે કે માનવી વૃદ્ધ હોય પણ તેની પાસે અઢળક લક્ષ્મી હોય તો તે વૃદ્ધ છતાં તરુણ છે પણ ધનહીન તો યુવાવસ્થામાંય વૃદ્ધ થઈ જાય છે. ચાણકયે પણ ધનનો મહિમા ગાયેલો. કહેલું, 'ધનહીનને તેના મિત્ર, પત્ની, નોકરચાકર, બંધુ- બાંધવ બધા જ છોડી જાય છે.' આ વાતનો મારા-તમારા જેવા તમામે અનુભવ કર્યો હશે જ ...પણ જો ધનવાન થઈ જઈએ તો પાચ્છા બધાં જ દોડી આવે છે તેમ ચાણક્યે કહેલું. આ કડવું સત્ય છે. પણ હાલના જમાનામાં ધનને ખોટી રીતે વધુપડતું મહત્વ મળ્યું છે તેમ લોકો કહે છે. અરે ભાઈ સાહેબ, ક્યા જમાનામાં ધનની મહત્તા નહોતી એ કહેશો? આજે ફરક એટલો છે કે પ્રેમ,લાગણી, મૈત્રી એ બધું ધન ઉપર આધારિત છે. તે કડવું સત્ય પરખાતાં બધાં જ ધનપ્રાપ્તિ, વધુ પ્રાપ્તિ અને ઔર પ્રાપ્તિ પર લાગ્યા છે. તે માટે ભગવાન પાસે જાય છે. યજ્ઞો કરાવે છે, બ્રાહ્મણો પાસે ગાયત્રી યજ્ઞ કરાવે છે અને હમણાં હમણાં એક જૂનો નાદ ફરી જાગ્યો છે. લોકો શ્રીયંત્ર રાખીને તેની પૂજા કરીને ધનની પ્રાપ્તિની અબળખા રાખે છે. શ્રીયંત્ર વિશે વધુ જાણવા અધ્યાત્મિક કવિ-ફિલસૂફ મકરંદભાઈ દવે હયાત હતા ત્યારે હું નંદીગ્રામ ગયેલો. તેમણે કહેલું કે શ્રીયંત્રમાં મને પણ શ્રદ્ધા છે પણ શ્રીયંત્રની મહત્તા સમજ્યા વગર તેની પૂજા થાય છે. ધનપ્રાપ્તિ જ નહીં પણ અધ્યાત્મિક શક્તિ અને ધન કરતાં વધુ તત્વ મૂલ્યવાન છે. ચાંદી, સોનું, તાંબું કે બીજી ધાતુના શ્રીયંત્ર ઘડાવીને વેચાતા લાવીને તેની પૂજા કરવાથી જ ધનપ્રાપ્તિ થતી નથી. દક્ષિણના મીનાક્ષી મંદિરમાં જાઓ તો ઘણા બ્રાહ્મણો ભટકાઈ જશે જે શ્રીયંત્રને મંતરીને આપશે. શ્રીયંત્રની યોગ્ય અગર લોજિકલ સમજ આપનારા બહુ ઓછા રહ્યા છે. વિખ્યાત નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈ પણ પ્રમોદરાય શાસ્ત્રી પાસે આવતા અને ગૂઢવિધા, તંત્રવિધા કે શ્રીયંત્રનો મહિમા જાણીને વાર્તામાં વણતા. વડોદરાના ગાયકવાડના રાજગોર સાથે પ્રમોદરાયને મૈત્રી હતી. પ્રતાપસિંહ ગાયકવાડના સમયમાં લંડનના રેસના ઘોડા વડોદરામાં ઉછેરાતા. આ ઘોડા રેસમાં જીતે તે માટે ગાયકવાડ તાંત્રિકોને કન્સલ્ટ કરતા. મકરંદભાઈ મોટે ભાગે ઓછું બોલતા. તેને હિંમત કરી લક્ષ્મીપ્રાપ્તિ માટે શ્રીયંત્રની પૂજાનું મહાત્મ્ય સમજવાની વિનંતી કરી. પણ એ તો ખૂબ પ્રેમાળ હતા, તેણે તો અમારી ઉત્કંઠાને આવકારી.

‘શ્રીયંત્ર એ શ્રીવિધાની એક પ્રકારની ઉપાસના છે. શરીરનાં વિવિધ કેન્દ્રો છે, તેને જાગ્રત કરવાની એ સાધના છે. શરીર કે મનમાં ગુપ્ત રીતે છુપાયેલી અને સૂતેલી શક્તિનો વિકાસ કેમ થાય તે જાણવાનો નકશો એટલે શ્રીયંત્ર!’ હવે બુદ્ધિમંત વાચકને શ્રીયંત્રનું લોજિક સમજાયું હશે. આખરે શ્રીયંત્ર કંઈ કરતું નથી. તમારી શ્રદ્ધા થકી, સાધના થકી, મનને નર્મિળ બનાવો એટલે ઘણી છૂપી શક્તિ જાગે છે. તે સૂતેલી શક્તિ જાગે તે કામે લગાડાય અને ખાસ તો વેપારધંધામાં લગાવાય તો સિદ્ધિ મળે છે. યહૂદીમાં ‘ટ્રી ઓફ લાઇફ’નું મહત્વ છે. તેનો અર્થ સરખો છે. શ્રીયંત્ર એટલે પરદેવતાનું નિવાસસ્થાન બતાવતો ગ્રાફ. એના દ્વારા અંતરમનની યાત્રા કેમ કરવી તેનું જ્ઞાન મળે છે. શ્રીયંત્રની ઉપાસના થકી મનમાં તમને જુદી જુદી જગતની ઘટનાઓનો મર્મ સમજાય છે. તમારા સમજનાં દ્વાર ખૂલી જાય છે. મકરંદભાઈએ કહ્યું કે આજે કામના અને ભોગેચ્છા વધી છે. કોઈ પણ રીતે ફળ મેળવવાની લાલસા વધી છે તેથી શ્રીયંત્રનો દુરુપયોગ થાય છે... હું માનું છું કે માત્ર ભૌતિક સમૃદ્ધિ માટે જ શ્રીયંત્રની ઉપાસના ન કરવી. મકરંદભાઈનો કહેવાનો આશય એ હતો કે, માણસ મનની શક્તિ મેળવે અને આંતરચેતનાને જગાડે એટલે તે સમૃદ્ધ થઈ ગયો જ ગણાય. આજનો માનવી નિષ્કામ બનીને ભાગ્યે જ કોઈ ઉપાસના કરે છે. હાલના ધર્મપાલનમાં યાંત્રિકતા આવી ગઈ છે. માણસની પોતાની અંદર પરમશક્તિ છે તેથી બહાર ફાંફાં મારવાની જરૂર નથી. એમ છતાં પ્રાચીન કાળથી શ્રીયંત્રની ઉપાસના થતી આવી છે તે હકીકત છે. અદ્વૈતના ઉપાસક શંકરાચાર્ય પણ શ્રીયંત્રના ઉપાસક હતા. સ્વ. કવિ પત્રકાર હરીન્દ્ર દવેને શંકરાચાર્યએ શ્રીયંત્ર આપેલું. મકરંદભાઈ પાસે શ્રીયંત્ર હતું તે ત્રિપુરા સુંદરીનું છે. ત્રિપુરા એટલે ગાયત્રી. ત્રણેય કુળમાં રહેનારી દેવી એટલે ગાયત્રી. માત્ર ગાયત્રી ઉપાસના કરનારો બે પાંદડે ન થાય પણ તેમાં શ્રીયંત્રની ઉપાસના ભળે એટલે ભયો ભયો. લક્ષ્મીને એકલા એકલા આરોગવાથી અમેરિકનોને આજે આર્થિક સંક્ટ આવ્યું છે તેવું સંક્ટ ન આવે તે ખ્યાલ રહે.